દાખલ કર્યા તારીખ:	**૩૦/૦૯/૨૦૨૪**		
રજી.લીધા તારીખ:	**૩૦/૦૯/૨૦૨૪**		
ફેંસલ કર્યા તારીખ:	**૨૬/૦૨/૨૦૨૬**		
સમયગાળો	**વર્ષ**	**માસ**	**દિવસ**

सत्यमेव जयते

સુરેન્દ્રનગરના એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી કે.એમ.આહીર સાહેબ સમક્ષ.

ફોજદારી કેસ નં.૩૦૩૨/<u>૨૦૨૪</u>

આંક:

ફરીયાદી: **હિંમતસિંહ ઘનશ્યામસિંહ ગોહિલ**

રહે.બ્લોક નં.૧૨૫૭,રાધે ટેનામેન્ટ

સરદાર રોડ, મુ.સુરેન્દ્રનગર.

–:: વિરુધ્ધ ::–

તહોમતદાર: **ચંદ્રકાંતભાઈ ભોગીલાલ રાઠોડ,**

ઠે.''ભુમિ મેન્સવીયર'' દુકાન નં.૧૦૫

મહાલક્ષ્મી કોમ્પલેક્ષ,સર્વોદય સાડીની બાજુમાં

જવાહર ચોક. મુ.સુરેન્દ્રનગર.

ગુનો:– ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ ફરીયાદ

ફરીયાદી તરફે વિ.વકિલ: શ્રી પી.એચ.વૈષ્ણવ

તહોમતદાર તરફે વિ.વકિલ: શ્રી ડી.એચ.વાઘેલા

–:: ચુ કા દો ::–

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે:–

ફરીયાદીની હાલની ફરીયાદ હકીકત એવી છે કે, ફરીયાદી સુરેન્દ્રનગરમાં રહે છે અને શિવમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના નામથી સુરેન્દ્રનગરમાં વેપાર–ધંધો કરે છે. આરોપી– તહોમતદાર '' ભુમિ મેન્સવીયર'' ના નામથી ટ્રેઈલર્સનું સુરેન્દ્રનગર મુકામે કામ કરે છે. ફરીયાદી તથા આરોપી વચ્ચે ઘણા વર્ષોથી એક બીજા સાથે ગાઢ મિત્રતાના સબંધો ધરાવે છે. ફરીયાદી તથા આરોપી ઘણા વર્ષોથી એકબીજાને ઓળખતા હોય અને ગાઢ વ્યવહારીક સબંધો ધરાવતા હોય, આરોપીને વેપાર–ધંધા માટે નાણાકીય જરુરીયાત ઉપસ્થિત થતાં, આરોપીએ ફરીયાદી પાસે મિત્રતાના સબંધે તથા ઓળખાણના દાવે આશરે છ માસ અગાઉ ફરીયાદીને ઘરે આવીને રૂા.૩,૪૦,૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ લાખ ચાલીસ હજાર) હાથ ઉછીના લઈ ગયેલા અને આ રકમ લેતી વખતે, ફરીયાદીએ આરોપીને ખાત્રી, બાંહેધરી અને વિશ્વાસ આપેલ હતો કે, આ રકમ ચાર માસ સુધીમાં તેઓ ફરીયાદીને પરત ચુકવી આપશે. ચાર માસની સમય મર્યાદા પુરી થતાં, આરોપીએ ફરીયાદી પાસે રૂા.૩,૪૦,૦૦૦/– ની માંગણી કરતા, ફરીયાદી અવનવા બહાના બતાવી, સમય પસાર કરતા હતા ત્યારબાદ આરોપી ફરીયાદીને ઘરે આવેલા અને જણાવેલ કે, તેઓ રૂા.૩,૪૦,૦૦૦/– અંકે

(રુપિયા ત્રણ લાખ ચાલીસ હજાર પુરા) સાથે લાવેલ ન પરંતે તેમના બેંકના ખાતામાં રકમ જમા પડી છે તેમજ તેઓને બહારગામ જવાનું હોય તેઓ બેંકમાંથી રકમ ઉપાડી શકે તેમ નથી તેવું જણાવી, તેઓ તેમનાબેંક ખાતાનો ચેક લાવેલ જે જે ચેક આરોપી પોતાના બેંક ખાતામાં રજુ કરશે એટલે આરોપીને તેઓની લેણી રકમ વસુલ મળી જશે. તેમ કહી, આરોપીએ તેમના ઈકવીટાસ બેંક, સુરેન્દ્રનગર શાખાના ખાતા નં.૧૦૦૦૩૨૫૮૫૦૭૬ નો ચેક નં.૦૦૦૦૦૮ થી તા.૨૭–૦૬–૨૦૨૪ ના રોજનો રૂા.૩,૪૦,૦૦૦/– ના ચેક માહેની વિગત લખી, ચેકમાં આરોપીએ પોતે સહી કરી આપી, ફરીયાદીના સુરેન્દ્રનગર મુકામેના ઘરે સદર ચેક આપેલો અને ચેક આપતી વખતે વિશ્વાસ અને ભરોસો આપી કહેલ કે '' આ ચેક તમો તમારા બેંક ખાતામાં જમા કરાવશો એટલે ચેક કલીયર થઈ જશે અને તમોને તમારી કાયદેસરની લેણી રકમ રૂા.૩,૪૦,૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ લાખ ચાલીસ હજાર પુરા) વસુલ મળી જશે '' . જેથી ફરીયાદીએ સદર ચેક પોતાના સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક, અલકા ચોક શાખા, સુરેન્દ્રનગરના પોતાના બેંક ખાતા નં.૭૮૦૧૩૦૩૪૯૦૨ માં તા.૧૩/૦૮/૨૦૨૪ ના રોજ વસુલાત અર્થે રજુ કરતા, સદરહું ચેક કલીયરીંગમાં જતા, સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક, અલકા શાખા, સુરેન્દ્રનગરના તા.૧૪/૦૮/૨૦૨૪ ના રોજના ચેક રીર્ટન મેમા મુજબ '' ૧૨–ડ્રોઅર્સ સીગ્નેચર ડીફર '' ના શેરા સાથે વગર વસુલાતે પરત ફરેલ છે. આમ, ફરીયાદીની આરોપી પાસે કાયદેસર લેણી થતી રકમ રૂા.૩,૪૦,૦૦૦/– વસુલ મળેલ નથી. જેથી આરોપીએ ફરીયાદીની કાયદેસરની લેણી રકમ પરત ચુકવવા માગંતા ન હોય, તેવા બદઈરાદે, આરોપીએ તેમના બેંક ખાતાનો ખોટો અને બોગસ ચેક આપી છેતરપીંડી તથા વિશ્વાસ ઘાત કરેલ છે. જેથી આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ સજાને પાત્ર ફોજદારી ગુન્હો આચરેલ છે. આરોપીએ ફરીયાદીને આપેલ ચેક વગર વસુલાતે પરત આવતા,

ફરીયાદીએ તેમના વકિલશ્રી પુનીચ.એચ.વૈષ્ણવ,મારફત આરોપીને તા.૩૦–૮–૨૦૨૪ ના રોજ રજી.એ.ડી.થી નોટીસ આપેલ હતી જે નોટીસ આરોપીને તા.૩૧–૮–૨૦૨૪ ના રોજ બજી ગયેલ છે. આરોપીને નોટીસ બજી ગયા બાદ, આરોપીએ તેમના વકિલશ્રી ધવલ.પી.પાઠક મારફત તા.૧૨–૦૯–૨૦૨૪ ના રોજ નોટીસનો માત્ર અને માત્ર ખોટો અને ઉડાઉ જવાબ આપેલ છે. આમ, ફરીયાદીની આરોપી પાસે કાયદેસરની લેણી થતી રકમ આજદીન સુધી વસુલ આવેલ ન હોય, આ ફરીયાદ કરવાનું કારણ ઉપસ્થિત થયેલ છે.

જેથી ફરીયાદીએ દાદ માગેલ છે કે, ફરીયાદીની લેણી રકમ રૂા.૩,૪૦,૦૦૦/–નો આરોપીએ આપેલ ચેક વગર વસુલાતે પરત ફરેલ હોય, આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો કરેલ હોય, આરોપી સામે પ્રોસેસ ઈસ્યુ કરી, વોરંટ કાઢી પકડી મંગાવી કેસ ચલાવી યોગ્ય નશ્ચત કરવા તેમજ ચેકની રકમ કરતા બમણી રકમનો દંડ કરવા તથા તેઓને ચેકની રકમ તથા ખર્ચની રકમ વસુલ અપાવવા હુકમ કરવા વિનંતી કરેલ છે.

આરોપી વિરુધ્ધ ક્રિમી.પ્રોસી.કોડની કલમ–૨૦૪ મુજબ પ્રોસેસ કાઢતા આરોપી કોર્ટમાં હાજર થતાં, તેઓને ફરીયાદ તથા દસ્તાવેજોની નકલો પુરી પાડવામાં આવ્યા અં ગેની ખાત્રી કરવામાં આવેલ છે. આરોપીને ફરીયાદની હકીકત વાંચી–સંભળાવતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા આંક–૭ થી તેઓનું નિવેદન લેવામાં આવેલ છે અને ત્યારબાદ નિવેદન લેતા ગુનાનો ઈન્કાર કરેલ હોય, જેથી ફરીયાદ પક્ષનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષે આ કામે નીચે મુજબ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

–:: મૌખિક પુરાવા ::–

(અ)

ક્રમ.	વિગત	આંક
૧.	શ્રી હિંમતસિંહ ઘનશ્યામસિંહ ગોહિલનું સરતપાસનું પુરાવાનું સોગંદનામું.	૦૪

–:: દસ્તાવેજી પુરાવા::–

(બ)

ક્રમ.	વિગત	આંક
૧.	આરોપીએ ફરીયાદીને લખી આપેલ અસલ ચેક	૧૩
૨.	ફરીયાદીએ અસલ ચેક પોતાની સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંકમાં રજુ કરેલ તેની કાઉન્ટર સ્લીપ.	૧૪
૩.	આરોપીએ આપેલ ચેક ' ડ્રોઅર્સ સીગ્નેચર ડીફર' ના શેરા સાથે પરત ફરેલ તે બેંકનો ચેક રીર્ટન મેમો	૧૫
૪	ફરીયાદીના વકિલશ્રીએ આરોપીને આપેલ રજી.એ.ડી.નોટીસ.	૧૬
૫.	ફરીયાદીએ આરોપીને વકિલ મારફત આપેલ રજી.એ.ડી.નોટીસની પોસ્ટર રસીદ.	૧૭
૬.	આરોપીને નોટીસ બજી ગયા અંગેની રજી.એ.ડી.એકનોલોજમેન્ટ .	૧૮
૭.	આરોપીને નોટીસ મળી ગયા અંગેની પોસ્ટલ ટ્રેક કન્સાઈન્મેન્ટ .	૧૯
૮.	ફરીયાદી તરફે આરોપીને આપેલ નોટીસનો, તેમના વકિલશ્રી ધવલ.પી.પાઠક મારફત આપેલ જવાબ.	૨૦

(૪) આ કામના ફરીયાદ પક્ષે વધુ પુરાવો તપાસવા માંગતા ના હોઈ આંક–૨૯ થી કલોઝીંગ પુરશીષ રજુ કરેલ છે.

(૫) આ કામે ફરીયાદ પક્ષે પોતાનો પુરાવો પુરો જાહેર થયા બાદ, ક્રિમી.પ્રોસી.કોડની

કલમ–૩૧૩ મુજબ આરોપીના વિશેષ નિવેદનના તબકકે આરોપી તરફે તા.૨૧ –૦૮–૨૦૨૫ ના રોજ વિશેષ નિવેદન (એફ.એસ) રજુ કરવામાં આવેલ છે.

(૬) ત્યારબાદ આ કામે આરોપી તરફે કોઈ પુરાવો રજુ નહી કરતા, ફરીયાદપક્ષની આંક–૩૩ ની અરજી લગતના હુકમથી, આરોપી પક્ષનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૭) ફરીયાદ પક્ષે તથા આરોપી તરફે વિ.વકિલશ્રીઓની મૌખિક દલીલ સાંભળી.

(૮) પક્ષકારોના બચાવ નિવેદન અન્વયે સદર કેસના નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે:–

–:: મુ દ દા ઓ::–

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૯૮૧ની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

–:: નિ ર્ણ યો ::–

૧. હકારાત્મક

૨. આખરી હુકમ મુજબ.

(૧૦) ઉપરોકત નિર્ણયો માટેના મારા કારણો નીચે મુજબ છે:–

મુદ્દા નં.૧.

હાલના કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદી પક્ષે હિંમતસિંહ ઘનશ્યામસિંહ ગોહિલનાઓનું આંક–૪ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. ફરીયાદીએ તેમના સરતપાસના સોગંદનામામાં ફરીયાદ મુજબની હકીકતો સોગંદ પર

દોહરાવેલ છે.

જયારે સદર ફરીયાદીની બચાવપક્ષ તરફે કરવામાં ઉલટતપાસમાં જણાવેલ છે કે,

હું ટુર એન્ડ ટ્રાવેલ્સ નો વેપાર કરુ છુ.હુ આવક જાવક અંગેના કોઈ પણ રજીસ્ટર રાખતો નથી.હુ બેંકમા આશરે ૧૫ વરસ થી બેંકમા ખાતુ ધરાવુ છુ.હુ ઈન્કમટેક્ષ રીટન ફાઈલ કરતો નથી.હુ ટુર એન્ડ ટ્રાવેલ્સ સીવાય બીજો કોઈ કામધંધો કરતો નથી.મારા દીકરા પણ ગાડીનો ધંધો કરે છે.એ વાત ખરી નથી કે મારા દીકરા અજસસીંહ ના અને આરોપી ના પૈસાની લેતી દેતી ના વ્યહવાર ચાલે છે.એ વાત ખરી નથી કે કહેવાતી ચેક વાળી રકમ મારા દીકરાએ આપેલી હતી.સાહેદ સ્વેછાએ જણાવે છે કે મે આરોપીને ચેક વાળી રકમ આપેલ હતી.મને એ વાત ની ખબર નથી કે મારા દીકરા અજયસીંહને આ કામના આરોપીએ ઘણી વખત ગુગલ પે થી રકમો આપેલી છે.

એ વાત ખરી છે કે હુ ગુગલ પે નો ઉપયોગ કરુ છુ.એ વાત ખરી નથી કે આ કામના આરોપી એ મારા ગુગલ પેમા હાલની ફરીયાદ કર્યા તે પહેલા મારા ગુગલ પેમા આશરે ૬૦ થી ૭૦ હજાર જમા કરાવેલા.એ વાત ખરી નથી કે આરોપીએ ચાલુ કેસ દરમ્યાન ૧૦ થી ૧૫ હજાર ગુગલ પેમા આરોપીએ જમા કરાવેલા.એ વાત ખરી છે કે આરોપીએ આ કેસ ની નોટીશનો વળતો જવાબ આપેલો અને મે તે વાંચેલો.એ વાત ખરી નથી કે હાલની ફરીયાદ વાળી રકમ સને ૨૦૨૨ ના દશ મા મહીનામાં મે આરોપીને આપેલી.એ વાત ખરી નથી કે આરોપીએ ઉપર જણાવેલ રકમ ૨૦૨૩ મા ચુકવી આપેલ હતી અને તે અરસામા હાલ નો ફરીયાદ વાળો ચેક તમારા કબ્જા મા હતો.એ વાત ખરી નથી કે આરોપીએ સીકયુરીટી પેટેનો કોરો ચેક આપેલો હતો.એ વાત ખરી નથી કે સીકયુરીટી પેટે આપેલા ચેકમા ખોટી તારીખ તથા ખોટી રકમ નાંખી હાલની ખોટી ફરીયાદ કરેલ છે.

એ વાત ખરી નથી કે ફરીયાદ વાળા ચેકમાં આરોપીએ મારી હાજરીમા કોઈ સહી કરેલ નથી. એ વાત ખરી નથી કે ચેકમાં આકડા તથા રકમ અને સહી અલગ અલગ લોકોની છે.એ વાત ખરી નથી કે આરોપી પાસે હુ કોઈ પણ રકમ માંગતો ન હોવા છતા આરોપી સીકયુરેટે પેટે આપેલો ચેક નો દુરઉપયોગ કરી હાલની ખોટી ફરીયાદ કરી ખોટી જુબાની આપુ છુ.

–:: કા ર ણો ::–

હાલના કામે બન્ને પક્ષકારો તરફેની રજુઆત તથા કેસની હકીકતો ધ્યાને લઈએ તો, આ કામના આરોપી વિરુધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે અને ફરીયાદીના કેસ મુજબ આ કામના આરોપીએ ફરીયાદીના કાયદેસરના લેણા પેટે પોતાના ઈકવીટાસ બેંક, સુરેન્દ્રનગરના ખાતા નં .100032585076 નો ચેક નં.૦૦૦૦૦૮ તા.૨૭/૦૬/૨૦૨૪ નો રકમ રૂા.૩,૪૦,૦૦૦/– નો ફરીયાદીને આપેલો. પરંતુ સદરહું ચેક " 12-Drawers signature diff " ના શેરા સાથે તા.૧૪/૮/૨૦૨૪ ના રોજ વગર વસુલ થયે અસલ ચેક રીર્ટન મેમા સાથે પરત ફરેલ છે. ત્યારબાદ ફરીયાદી એ તેમના વકિલશ્રી પુનિત એચ. વૈષ્ણવ મારફત તહોમતદારના સરનામે તા.૩૦/૦૮/૨૦૨૪ ના રોજ રજી.એ.ડી.થી ધી એગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળની નોટીસ આપેલ છે. જે નોટીસ તહોમતદારને તા.૩૧/૮/૨૦૨૪ ના રોજ બજી ગયેલ છે. ત્યારબાદ આરોપી તરફે તેમના વિ.વકિલશ્રી ધવલ.પી.પાઠક મારફત, સદર નોટીસનો જવાબ રજુ કરેલ છે. પણ ચેક મુજબની રકમ ચુકવેલ નથી. જે અનુસંધાને ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

બન્ને પક્ષકારોની ઉપર મુજબની રજુઆત સાથે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ વંચાણે લઈએ તો તે નીચે મુજબ છે.

નેગોશીયબેલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૮

Section 138:—Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to

honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for a term which may be extended to two years, or with fine which may extend to twice the amount of the cheque, or with both:

Provided that nothing contained in this section shall apply unless—

(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice; in writing, to the drawer of the cheque,[within thirty days] of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

Explanation.—For the purposes of this section, “debt of other liability” means a legally enforceable debt or other liability.

ઉપરોકત કલમ વંચાણે લેતા, ઉપરોકત કલમમાં આપવામાં આવેલ શરતો ન સંતોષાય તો ઉપરોકત કલમ–૧૩૮ લાગુ પાડી શકાય નહીં. જેથી સૌ પ્રથમ ઉપરોકત કલમમાં જણાવેલ શરતો સંતોષાય છે કે કેમ? તે જોવાનું રહે છે. ઉપરોકત કલમમાં પહેલી શરત એ છે કે, ચેક વટાવવા માટે ચેકની તારીખથી છ મહીના અથવા તે વૈધ્યતાના સમયમર્યાદામાં બેંક સમક્ષ ચેક જમા કરાવવો પડે. હાલના કામે જોઈએ તો ચેકની તા.૨૭/૦૬/૨૦૨૪ ના રોજનો છે જયારે ચેક રીટર્ન મેમો તા.૧૪/૮/૨૦૨૪ ના

રોજનો છે. આમ, ચેક સમયમર્યાદાની અંદર બેંક સમક્ષ રજુ કરવામાં આવેલ હોઈ, તેથી આ શરત સંતોષાય છે.

વધુમાં જોઈએ તો ઉપરોકત કલમ લાગુ પાડવા માટેની બીજી શરત એવી છે કે, ચેક ડીસઓનર થયાના ત્રીસ દિવસની અંદર ફરીયાદી Payee) એ ચેક જારી કરનારને લેખિતમાં નોટીસ આપવી પડે. આ સંદર્ભે જોઈએ તો હાલના કામે ચેક રીર્ટન મેમો તા.૧૪/૮/૨૦૨૪ ના રોજનો છે. જયારે આરોપીને મોકલવામાં આવેલ નોટીસ.૩૦/૮/૨૦૨૪ ના રોજની છે. આમ, ચેક રીટર્ન થયાના ત્રીસ દિવસની અંદર આ કામના ફરીયાદીએ નોટીસ મોકલેલ હોય, તે સ્પષ્ટ થાય છે. જેથી હાલના કામે આ બીજી શરત પણ સંતોષાય છે.

વધુમાં જોઈએ તો ઉપરોકત કલમની ત્રીજી શરત એવી છે કે, ઉપરોકન નોટીસ મળ્યાના ૧૫ દિવસની અંદર ચેક જારી કરનારે ચેકની રકમ આપવામાં કસુર કરેલ હોવી જોઈએ. આ ચેક સંદર્ભે આરોપીએ પૈસા આપેલા હોય તે અંગેના કોઈ પુરાવા આ કામે રજુ કરેલ નથી. જેથી, આ કામના આરોપીએ ચેકની રકમ આપેલી નથી. આમ, ફરીયાદીએ આપેલ નોટીસ મળી ગયાના ૧૫ દિવસમાં આ કામના આરોપીએ ચેકની રકમ ચુકવવામાં કસુર કરેલ હોય તેમ સ્પષ્ટ થાય છે. જેથી આ શરત પણ સંતોષાય છે.

વધુમાં આ કામના આરોપીને નોટીસ તા.૩૧/૦૮/૨૦૨૪ ના રોજ મળી ગયેલ છે. અને ત્યારબાદ પંદર દિવસ એટલે કે તા.૧૫/૯/૨૦૨૪ ના રોજ પુરા થાય છે અને ત્યારબાદ તા.૧૫/૧૦/૨૦૨૪ સુધીમાં એટલે કે એક મહીનાની અંદર ફરીયાદ દાખલ કરવી પડે. જયારે હાલની ફરીયાદ તા.૩૦/૯/૨૪ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જેથી ફરીયાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૨ મુજબ સમયમર્યાદામાં દાખલ કર્યાનું સ્પષ્ટ થાય છે.

વધુમાં આરોપી દ્વારા દલીલના તબક્કે એક એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આરોપીને ૧૩૮ ની જોગવાઈ મુજબ પ્રોપર નોટીસ સર્વ થયેલ નથી. તેથી તેનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. આ સંદર્ભે નામદાર સુપ્રીમ કોર્ટે **C C Alavi Haji vs Palapetty Muhammed & Anr [2007 (2) DCR 321]** ઉપર પ્રસિધ્ધ થયેલ છે તેમાં નીચે મુજબની હેડનોટ છે.

> **Service of notice-Presumption of-Held-if returned unclaimed or not as refused no significant difference so far as presumption is concerned. (Para-14)**
>
> Held, Section 27 gives rise to a presumption that service of notice has been ef-fected when it is sent to the correct address by registered post. In view of the said pre-sumption, when stating that a notive has been sent by registered post to the address of the drawer, it is unnecessary to further aver in the complaint that in spite of the return of the notice unserved, it is deemed to have been served or that the addressee is deemed to have knowledge of the notice. Unless and untill the contrary is proved by the ad-dressee.
>
> When a notice is sent by registered post and is returned with a postal endorsement "refused" or " not available in the house" or "house locked" or "shop closed" or "ad-dressee not in station", due service has to be presumed.
>
> **Negotiable Instruments Act, 1881-Section 138-Dishonour of Cheque-Contention that no notice is received-Remedy for-Held-Accused can within 15 days of receipt of summons from court in respect of complaint under Section 138 N.I.Act make payment of cheque amount and submit the court. (Para-17)**

આમ, ઉપરોક્ત પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ જો કોઈ ચેક આપનાર (Drawer) કોર્ટનો સમન્સ તથા ફરીયાદીની નકલ મળ્યેના ૧૫ દિવસમાં જો પેમેન્ટ ના કરે તો ત્યારબાદ તે નોટીસ પ્રોપર બજેલ નથી તે અંગેનો કોઈ પણ બચાવ આરોપી લઈ શકે નહી. જેથી આરોપીને નોટીસ પ્રોપર બજેલ નથી તે અંગેની કોઇ પણ રજુવાત ટકવાપાત્ર થતી નથી.

હવે ફરીયાદવાળા ચેકમાની સહી આ કામના આરોપીની છે કે કેમ? તે અંગે જોઈએ તો આરોપીએ ચેકમાની સહી પોતાની ના હોવાનો કોઈ ઈન્કાર ફરીયાદીની કરવામાં આવેલ ઉલટતપાસમાં કે પોતાના ક્રિ.પ્રો.કોડની કલમ– ૩૧૩ અન્વયેના નિવેદનમાં કરેલ નથી. તેમજ આ ચેક આરોપીના બેંક એકાઉન્ટ કે જે તેઓ મેઈન્ટેઈન કરે છે તેનો છે. તે હકીકત બાબતે આરોપી તરફે કોઈ તકરાર લેવામાં આવેલ નથી. પરંતુ પક્ષકારો વચ્ચે મહત્વની તકરાર એવી છે કે, શું આ કામના ફરીયાદીની કાયદેસરની લેણી રકમ રૂા.૩,૪૦,૦૦૦/– આરોપી પાસેથી નીકળતા હતા? અને શું આ કામના આરોપીએ ફરીયાદીને આ લેણી પેટે હાલનો રૂા. ૩,૪૦,૦૦૦/–નો ચેક નં.૦૦૦૦૦૮, ઈકવીટાસ સ્મોલ ફાયનાન્સ બેંક સુરેન્દ્રનગર શાખાનો આપેલ હતો?

વધુમા આરોપીએ પોતાની મૌખિક રજુઆત તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૩૧૩ મુજબના વિશેષ નિવેદનમાં એવો બચાવ લીધેલ છે કે, " **અમો આરોપી સામે ખોટા ચેકનો દુરુપયોગ કરી હાલની ખોટી ફરીયાદ કરેલ છે તેમજ મોટી રકમ દર્શાવી ખોટા ચેકનો સાચા તરીકે ઉપયોગ કરી હાલની ફરીયાદ કરેલ હોય, આમ અમો આરોપી તદન નિદોર્ષ છીએ.**"તે સંદર્ભે જોઈએ તો આરોપીએ ફરીયાદી સામે ચેકનો દુરૂપયોગ થયેલ હોય તે અંગેની કોઈપણ કાયદાકીય કાર્યવાહી કરેલ હોય તેવું રેકર્ડ ઉપર આવેલ નથી.

આમ, બંન્ને પક્ષકારોની રજુઆતના સંદર્ભે કાયદાકીય જોગવાઈ ધ્યાને લઈએ તો ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૯ નીચે મુજબ છે.

> **Section 139 . Presumption in favour of holder** - It shall be presumed, unless the holder of a cheque received by the cheque, of the nature referred to in Section 138 for the discharge, in whose or in part, or any debt or other liability.

ઉપરોક્ત ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ– ૧૩૯ સાથે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ અક્ટની કલમ– ૧૧૮ વંચાણે લઈએ તો તે નીચે મુજબ છે.

Section 118. Presumption as to Negotiable Instruments - Until the contrary is proved, the following presumptions shall be mad :

(a) **of consideration** : that every negotiable instrument was made or drawn for consideraton, and that every such instrument when it has been accepted, endorsed, negotiated or transferred, was accepted in, endorsed, negotiated or transferred for consideration,

(b) **as to date** : that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) **As to time of acceptance** : that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(d) **as to time of transfer** : that every transfer of negotiable instrument was made before its maturity;

(e) **as to order of endorsement** : that the indor sements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(f) **as to stamp** : that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) **that holder is a holder in due course** : that the holder of a negotiable instrument is a holder in due course;

Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereofby means of an offence or fraud or for unlawful consideration, the burden of proving that the holder is a holder of negotiable lies upon him.

ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની જોગવાઈઓ હેઠળના અનુમાન અને અનુમાનના ખંડનના સિધ્ધાંત ધ્યાને લેતા હાલના કામે પણ ફરીયાદવાળા ચેક ઉપરની સહી આરોપીની હોવાનું પુરવાર થતુ હોઈ ત્યારે નામદાર સુપ્રીમ

કોર્ટના રંગપ્પા વિરૂધ્ધ ધી મોહનલાલના કિસ્સામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો કે જે AIR 2010 Supreme Court Page No. 1898 ઉપર પ્રસિધ્ધ થયેલ છે. તે મુજબ કાયદાકીય અનુમાન કરવાનું રહે છે અને તેથી આરોપીએ એવા અનુમાનનું ખંડન કરવુ પડે.

આમ, આ કામે ફરીયાદ વાળો ચેક આરોપીના બેંક એકાઉન્ટથી સંબંધીત છે તથા તેમાં આરોપીની સહી છે તથા હાલ તે ફરીયાદીના કબજામાં છે તે હકીકત ધ્યાને લેતા, ઉપરોક્ત ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ– ૧૧૮ તથા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ– ૧૩૯ મુજબનું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે અને આરોપીએ તે અનુમાનનું ખંડન (Rebutt) કરવુ પડે.

આરોપીએ તેવા અનુમાનનું ખંડન કરી શકેલ છે કે કેમ? તે અંગે જોઈએ તો બચાવપક્ષ તરફે એક એવો બચાવ લેવામાં આવેલ છે કે, સહીના અક્ષર તથા ચેકમાં ભરેલ અન્ય વિગતોના અક્ષર અલગ પડે છે. બચાવ પક્ષના આ બચાવ અંગે જોઈએ તો ફરીયાદવાળા ચેકમાંની વિગતો કોણે ભરેલ તે અંગે કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આ સંદર્ભેની ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૨૦ વંચાણે લેતા ચેક માની સહી ચેક ઈશ્યુ કરનારની હોવી જોઈએ તથા વિગતો ચેકના હોલ્ડર ભરી શકે. જેથી તે બચાવ મહત્વનો રહેતો નથી. જેથી તેનો લાભ બચાવ પક્ષને મળે તેમ નથી.

આ અંગેની સ્પષ્ટતા અને પુરાવાના અભાવે તેઓની આ સંદર્ભેની રજુઆત પણ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ– ૧૩૯ સાથે વાંચતા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ– ૧૧૮ ને ખંડીત કરવા પુરતી નથી.

આમ, ઉપરોક્ત તમામ હકીકત, સંજોગો તથા કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં આપુ છું અને મુદ્દા નં. ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

–: <u>હુ ક મ</u>:–

(૧) હાલના કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫ (૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ અન્વયેના શિક્ષાપાત્ર ગુનાના કામે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૨) કેસની હકીકત તથા સંજોગો ધ્યાને લેતા સબબ કામ આરોપીની સજા બાબત સાંભળવા ઉપર રાખવામાં આવે છે.

સ્થલઃ સુરેન્દ્રનગર
તા.૨૬–૦૨–૨૦૨૬

(કાર્તિક મનુભાઈ આહિર)
એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર
કોડ નં. જી.જે.૦૧૪૯૦.

–: વધુ હુકમ :–

ઉપરોક્ત ચુકાદો આરોપી તથા તેમના વિ.વ.શ્રીની હાજરીમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવેલ છે. બચાવપક્ષ તરફે વિ .વ.શ્રીનાઓની રજુઆત છે કે અને સજા પ્રશ્ન અંગે જણાવેલ છે કે, આ કામના આરોપીનો પ્રથમ ગુનો છે તેમજ આરોપીએ અગાઉ કોઈ ગુનો કરેલ નથી. તેથી આરોપીને ઓછામાં ઓછી સજા કરવા નમ્ર અરજ કરેલ છે.

ફરીયાદ પક્ષ તરફે વિ.વ.શ્રીનાઓએ જણાવેલ છે કે, આરોપીને કાયદા મુજબ મહત્તમ સજા કરવી જોઈએ તેમજ ફરીયાદીને મહત્તમ વળતર અપાવવું જોઈએ.

આમ, બંન્ને પક્ષકારોની રજુઆત તેમજ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ કલમ– ૧૩૮ નો ઉદેશ્ય ધ્યાને લઈ સમાજ ઉપર તેની ગંભીરતા આવે તે તમામ સંજોગો ધ્યાને લેતા તેમજ નામદાર સુપ્રીમકોર્ટના વિજયન સદાનંદ કે. ૨૦૦૯ ક્રિમીનલ લો જનરલ ૪૩૬ ની ગાઈડલાઈન્સ મુજબ સી.આર.પી.સી.ની કલમ– ૩૫૭(૩) મુજબ જો આરોપી દ્વારા વળતર ચુકવવામાં ના આવે તો તે કસુર બદલ સજા કરવા અંગેનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

આ કામે આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ કલમ– ૧૩૮ અન્વયેના શિક્ષાપાત્ર ગુના અંગે તકસીરવાન ઠરેલા છે. તેમજ આવા ગુનાઓની ઉતરોતર વૃધ્ધી થવા પામી છે. તેમજ આરોપીએ રૂા. ૩,૪૦,૦૦૦/– જેવી રકમોના ચેક ફરીયાદીને આપેલ છે. જે ચેક નં. ૦૦૦૦૦૮ વાળો " 12- DRAWERS SINGNATURE DIFF." ના કારણે પરત ફરેલ છે. તે તમામ સંજોગો ધ્યાને લેતા ન્યાયના હિતમાં નીચે મુજબ સજા ફરમાવું છું.

–: <u>આ ખ રી હુ ક મ</u>:–

(૧) હાલના કામે આરોપી ચંદ્રકાંતભાઈ ભોગીલાલ રાઠોડ નાઓને ક્રિમી.પ્રોસી.કોડની કલમ– ૨૫૫(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ કલમ– ૧૩૮ અન્વયેના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવેલ હોય આરોપીને એક વર્ષની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીને સી. આર. પી. સી. કલમ – ૩૫૭ (૩) અન્વયે રૂા.૩,૪૦,૦૦૦/– નું વળતર ફરીયાદીને આ હુકમની તારીખથી દિન–૬૦ માં ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી સદર વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો આરોપીએ વધુ ૩(ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીને ચુકાદાની એક નકલ તાત્કાલીક વિના મુલ્યે આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળઃ સુરેન્દ્રનગર
તા.૨૬/૦૨/૨૦૨૬

(કાર્તિક મનુભાઈ આહિર)
એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર
કોડ નં. જી.જે.૦૧૪૯૦.

બી.બી.લખતરીયા